પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૭ | ૨૭ જુન, ૨૦૧૯, ગુરૂવાર; જયેષ્ઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પ્રજામાં વિશ્વાસ નથી તે બહાના શોધે છે : મોદી

**રાજ્યસભામાં પણ મોદીના કોંગ્રેસ પર તીવ્ર પ્રહાર : ઇવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવવા બદલ કોંગ્રેસ તેમજ અન્ય પાર્ટીઓની ઝાટકણી : કોંગ્રેસ હાર સ્વીકારવા તૈયાર નથી**



નવી દિલ્હી, તા. ૨૬

લોકસભામાં વિપક્ષ અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં પણ કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ પોતાના વિશેષ અંદાજમાં જનાદેશ ઉપર પ્રશ્ન ઉઠાવનાર લોકો ઉપર પ્રહાર કર્યા હતા જેમાં ગાલિબના શેરનો ઉલ્લેખ કર્યો હતો. ગાલિબના શેર તાઉમ્ર ગાલિબ યહ ભૂલ કરતા રહા, ધૂલ ચહરે પર થી, આયના સાફ કરતા રહા મારફતે મોદીએ વિરોધ પક્ષો ઉપર પ્રહાર કર્યા હતા. ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવનાર વિપક્ષ ઉપર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ ઉપર દેશની જનતા અને મતદારોના અપમાન કરવાનો આક્ષેપ કરતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી હજુ પણ જિદ્દી વલણ અપનાવી રહ્યું છે. કોંગ્રેસની જીત થાય તો દેશની જીત થાય અને કોંગ્રેસની હાર થાય તો દેશની હાર થાય તેમ આ લોકો ગણે છે. મોદીએ આની સાથે સાથે એક દેશ એક ચૂંટણીના મુદ્દા ઉપર બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં ભાગ નહીં લેવાના મુદ્દા ઉપર કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. ઝારખંડમાં થયેલી મોબલિંચિંગની ઘટનાની પણ નિંદા કરી હતી અને કહ્યું હતું કે, તેઓ ઝારખંડમાં આ ઘટનાથી આઘાતમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## તમે યોગ કરો પરંતુ ઈતિહાસ અને તથ્યોનું શીર્ષાસન ન કરાવો : કોંગ્રેસ

ન્યુ દિલ્હી,તા.૨૬

રાજ્યસભામાં ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ સાંસદ આનંદ શર્માએ ભાજપને જીત માટે શુભેચ્છા પાઠવી હતી. તેમને કહ્યું કે, બીજી વખત મોદીજી વડાપ્રધાન બન્યા છે ત્યારે નવા અધ્યાય લખાશે તેવી આશાઓ છે. ચૂંટણીમાં કટાક્ષ અને આરોપ પણ લાગે છે પરંતુ હવે વડાપ્રધાન તરફથી કડવી વાતો બંધ થશે તેવી આશા છે. છેલ્લા પાંચ વર્ષમાં કથની અને કરણીમાં ઘણું અંતર રહ્યું છે. આ અંતરને વડાપ્રધાન જ દુર કરી શકે છે.

શર્માએ કહ્યું કે, રાષ્ટ્રપતિનું અભિભાષણ નિરાશાજનક છે પરંતુ આ તેમની મજબૂરી છે. જે પરિવારને તમે કોસો છો તેને પોતાનું બધું જ ત્યાગ કરીને જેલમાં પુસ્તકો લખ્યા હતા.

તમે યોગ કરો પરંતુ ઈતિહાસ અને તથ્યોનું શીર્ષાસન ન કરાવો. આનંદ શર્માએ કોંગ્રેસ શાસનમાં બનેલી આઈઆઈટી જેવા સંસ્થાનોનો ઉલેખ્ખ કરતા કહ્યું કે, ૨૦૦૪થી ૨૦૧૪ સુધી દેશની અર્થવ્યવસ્થાને ચાર ગણી કરનારા દુનિયાનો પહેલો દેશ મનમોહનસિંહની આગેવાનીમાં બન્યો હતો.તેમને કહ્યું કે, તમે ફક્ત ૫ વર્ષમાં ૮ ટકા જ જીડીપી વધારી શક્યા છો બાકીની જીડીપી શું સાથે લઈને આવ્યા હતા.

## ભારત-બ્રિટનના સંબંધોને મજબૂત કરનારી ૧૦૦ પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં સીતારમન

**આ યાદીમાં બ્રિટનના સૌથી વરિષ્ઠ કેબિનેટ મંત્રી પેની મોરડાઉંડનો સમાવેશ**

ન્યુ દિલ્હી,તા.૨૬

નાણામંત્રી નિર્મલા સીતારમનને બ્રિટન-ભારત સંબંધોને આગળ ધપાવવા માટે સૌથી પ્રભાવશાળી ૧૦૦ મહિલાઓની યાદીમાં સમાવેશ થયો છે. આ યાદીમાં બ્રિટનના સૌથી વરિષ્ઠ કેબિનેટ મંત્રી પેની મોરડાઉંડનો પણ સમાવેશ થાય છે. બ્રિટનના ગૃહ મંત્રી સાજિદ જાવેદે ભારત દિવસના અવસર પર સંસદ બ્રિટન અને ભારતના સંબંધોને મજબૂત બનાવનારી ૧૦૦ પ્રભાવશાળી મહિલાઓની યાદી જાહેર કરી હતી.



પૂર્વ રક્ષા મંત્રી અને હવે નાણા મંત્રીના સ્વરૂપે દ્વિપક્ષીય સંબંધોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારી દેશની સૌથી પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં સીતારમનનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમની પાસે કોર્પોરેટ બાબતોના મંત્રાલયની પણ જવાબદારી છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કરનારા સીતારમન આ અગાઉ બ્રિટનમાં પણ કામ કરી ચૂક્યા છે.

# મોદી આવતીકાલે ટ્રમ્પને મળશે

**આજે ચીન અને રશિયાના પ્રમુખો સાથે વાતચીત : જી-૨૦ શિખર બેઠક પહેલા વાતચીતનો સિલસિલો શરૂ**

નવી દિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારના દિવસે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. જી-૨૦ની શિખર બેઠક જાપાનમાં ઓસાકા ખાતે યોજનાર છે ત્યારે આ બેઠકમાં મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીતનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. જાપાન-અમેરિકા-ભારતની આ બીજી બેઠક યોજાઈ રહી છે.

આ બેઠક પહેલા ઓસાકામાં વાતચીતને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ લીડરો છેલ્લે જી-૨૦ શિખર બેઠકના ભાગરુપે બ્યુનોસએરમાં મળ્યા હતા. જો કે, મોદીએ એમ પણ કહ્યું છે કે, વાતચીત માટેની રુપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. મોદી ગુરુવારના દિવસે ચીન અને રશિયાના પ્રમુખને મળવા માટે આશાવાદી બનેલા છે. ટ્રમ્પ સાથેની બેઠક પહેલા આ વાતચીતને પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોદી અને ટ્રમ્પ નવેમ્બર ૨૦૧૭માં મનીલામાં મળ્યા હતા તે ગાળામાં પ્રતિનિધિઓ વચ્ચે વાતચીત પણ યોજાઈ હતી. મોદી હવે આવતીકાલે ગુરુવારના દિવસે રશિયા અને ચીનના પ્રમુખને મળશે. નવેમ્બર ૨૦૧૭માં દ્વિપક્ષીય બેઠક યોજાઈ ત્યારે પ્રતિનિધિસ્તરની બેઠક યોજાઈ હતી. ત્યારબાદથી જી-૨૦ની બેઠક દરમિયાન યોજાનારી આ વાતચીત ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ છે. જાપાન, અમેરિકા અને ભારત વચ્ચેની આ ત્રિપક્ષીય બેઠક પહેલા વિશ્વના દેશો આશાસ્પદ દેખાઈ રહ્યા છે. એકબાજુ અમેરિકાના ચીન સાથેના વેપાર યુદ્ધને લઈને વિશ્વના દેશો ચિંતાતુર દેખાઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ ઈરાન અને અમેરિકા વચ્ચેના મતભેદો પણ સપાટી ઉપર આવ્યા છે.

## ન્યુઝ ટ્રેક

### નીતિ આયોગના સીઈઓનો કાર્યકાળ વધ્યો

સરકારના થીંક ટેન્ક એટલે નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી અમિતાભ કાંતનો કાર્યકાળ બે વર્ષ માટે વધારી દેવાયો છે. તેઓ આગામી ૩૦ જુનના રોજ નિવૃત થવાના હતા. પરંતુ સેવા વિસ્તાર બાદ તેઓ ૩૦ જુન, ૨૦૨૧ સુધી પોતાના પદે રહેશે.

### સામંત ગોયલ ‘રો’ના પ્રમુખ

બાલાકોટ એર સ્ટ્રાઈક યોજનામાં મહત્વની ભૂમિકા નિભાવનારા આઈપીએસ અધિકારી સામંત ગોયલને દેશની જાસુસી સંસ્થા રો ના પ્રમુખ બનાવાયા છે. જ્યારે આઈપીએસ અધિકારી અરવિંદકુમારને આઈબીના નિદેશક બનાવાયા છે. તેઓ બંને ૧૯૮૪ની બેચના આઈપીએસ અધિકારી છે.

### ઈરાકમાં ભગવાન રામના ભીંતચિત્રો મળ્યા

આ વર્ષે જુનમાં ઈરાક ગયેલા ભારતીય પ્રતિનિધિમંડળને હજારો વર્ષ જુના ભીંતચિત્રો મળ્યા છે. અયોધ્યા શોધ સંસ્થાને દાવો કર્યો છે કે તે ભગવાન રામની છબી છે. જોકે ઈરાકના વિદ્વાનોનો દાવો છે કે આ ભીંતચિત્ર પહાડી જનજાતિના પ્રમુખ ટાર્દુનીની છે.

### ક્રિસ ગેલ નિવૃતિ લેશે

વેસ્ટઈન્ડિઝના બેટ્સમેન ક્રીસ ગેલ ભારત વિરૂદ્ધ ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં યોજાનારી ઘરેલુ ટેસ્ટ સીરીઝ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લેશે. હાલમાં તેઓ પોતાની ટીમ તરફથી વર્લ્ડકપ ૨૦૧૯માં રમી રહ્યા છે.

**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

# અમરનાથ યાત્રાના તમામ રૂટ પર જવાન તૈનાત હશે

નવીદિલ્હી, તા.૨૬

આગામી સપ્તાહથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. આવી રહી છે તે વાર્ષિક અમરનાથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ

**શ્રદ્ધાળુઓની સુરક્ષાની ખાતરી કરવાના પગલા : અમરનાથ યાત્રાના બંને બેઝ કેમ્પ પર પણ મજબૂત સુરક્ષા**

અમરનાથ યાત્રાને લઈને તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા શરૂ થઈ ચુકી છે. અમરનાથ યાત્રાના બંને બેઝ કેમ્પ ઉપર મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અમરનાથ યાત્રાના તમામ રુટ ઉપર જવાનો ગોઠવી દેવાયા છે. શ્રદ્ધાળુઓમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં વખતે અમરનાથ યાત્રા દરમિયાન અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, સેનાના વડા બિપીન રાવત સહિતના તમામ લોકો યાત્રીઓની સુરક્ષાને લઈને ખુબ જ ગંભીર દેખાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## અમરનાથ યાત્રાની તૈયારી ને લઈ અમિત શાહની વાતચીત

નવી દિલ્હી, તા. ૨૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો બે દિવસીય જમ્મુ કાશ્મીર પ્રવાસ શરૂ થઈ ગયો છે. તેઓ રાજ્યના સુરક્ષાની સ્થિતિને સમીક્ષા કરી રહ્યા છે. આગામી સપ્તાહથી વાર્ષિક અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. ગૃહમંત્રી અમિત શાહ રાજ્યપાલ સત્યપાલ મલિક સાથે પણ વાતચીત કરી રહ્યા છે. ગૃહમંત્રી બન્યા બાદ અમિત શાહની જમ્મુ કાશ્મીરની આ પ્રથમ યાત્રા છે. અગાઉના કાર્યક્રમ મુજબ તેઓ ૩૦મી જૂનના દિવસે એક દિવસ માટે કાશ્મીર ખીણ જનાર હતા. ગૃહમંત્રી શ્રીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી ચુક્યા છે. યાત્રાના બીજા દિવસે અમિત શાહ જમ્મુ કાશ્મીરના પોલીસ અધિકારીઓ સાથે પણ વાતચીત કરનાર છે. આ ઉપરાંત જમ્મુ કાશ્મીર પોલીસના શહીદ થયેલા ઈન્સ્પેક્ટર અર્શદ ખાનના પરિવારના સભ્યોને મળવા માટે પહોંચનાર છે.

## મારો વિકલ્પ શોધી જ લો : રાહુલ ગાંધી

**કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૫૧ સાંસદોની પણ વાત ન માની**

નવી દિલ્હી, તા. ૨૬

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી હજુ પણ પોતાના હોદ્દાને છોડવાને લઈને મક્કમ બનેલા છે. આજે દિલ્હીમાં યોજાયેલી કોંગ્રેસ સંસદીય દળની બેઠકમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરી હતી કે, તેઓ પોતાનું રાજીનામુ પરત લેનાર નથી. લોકસભા ચૂંટણીમાં પરાજયની જવાબદારી સ્વીકારીને રાહુલ ગાંધીએ પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધું હતું. ત્યારબાદથી રાજીનામુ પરત ખેંચવા રાહુલ ગાંધીને સમજાવવા માટેના પ્રયાસ ટોપ સ્તર પર કરવામાં આવી રહ્યા હોવા છતાં રાહુલ ગાંધી મક્કમ દેખાઈ રહ્યા છે. સોનિયા ગાંધીના નેતૃત્વમાં યોજાયેલી આ બેઠકમાં રાહુલને કોંગ્રેસી નેતાઓએ રાજીનામુ પરત ખેંચી લેવા માટે અપીલ કરી હતી પરંતુ રાહુલ ગાંધીએ રાજીનામુ પરત ખેંચવાનો ઈન્કાર કર્યો હતો. લોકસભાની ચૂંટણીમાં પરાજય થયા બાદ રાહુલ ગાંધીએ કોંગ્રેસ કારોબારીની

● અનુસંધાન પાન-૭ પર




# પૂર્વ મુખ્યપ્રધાન ચંદ્રબાબૂ નાયડુના મકાન પર બુલડોઝર ફરી વળ્યું

**અમરાવતી સ્થિત આઠ કરોડના મકાનને તોડી પડાયું : આટલા સુંદર મકાનને તોડી નાખવું એ મૂર્ખામી ભર્યું પગલું છે : નાયડુ**

અમરાવતી,તા.૨૬

આંધ્ર પ્રદેશના પૂર્વ



મુખ્યમંત્રી ચંદ્રબાબૂ નાયડુના અમરાવતી સ્થિત મકાન ‘પ્રજ્ઞા વેદિકા’ પર બુધવારે બુલડોઝર ફરી વળ્યું છે. આ મકાનને તોડી પાડવાનો આદેશ રાજ્યના નવા મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ થોડા દિવસ પહેલા જ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ બિલ્ડિંગ ગેર કાયદેસર છે અને આવા તમામ મકાનને તોડી પાડવાનું અભિયાન શરૂ કરવામાં આવશે જેની શુભ શરૂઆત ‘પ્રજ્ઞા વેદિકા’થી થઈ છે. આ મકાન નાયડુ સરકારના કાર્યકાળ દરમિયાન લગભગ આઠ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયું હતું.

### હાવડા-જબલપુર સમલેશ્વરી એક્સપ્રેસ પાટા પરથી ઉતરી

હાવડા,તા.૨૬

ઓડિશાના રાયગઢમાં હાવડા-જગલપુર સમલેશ્વરી એક્સપ્રેસનું એન્જિન સહિત ઘણાં કોચ પાટા પરથી ઉતરી જતા ૩ રેલવે કર્મચારીઓના મોત થયા છે. પેસેન્જર ટ્રેન ટાવર કાર સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. ઘટના બાદ હાલ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. જોકે ઈસ્ટ કોસ્ટ રેલ્વેએ આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225